# વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: **૨૧** ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક - પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૧૦**

**ક)** ૧) મુનિજીવનના સેમ્પલનું વ્રત કયું ? તેના અતિચાર અર્થ સહિત લખો. **(૩)**

**જ:** ૧) મુનિજીવનના સેમ્પલનું દશમું દેશાવગાસિક વ્રત છે. એના અતિચાર આણાવણપ્પઓગે - મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય.

પેસવણપ્પઓગે - મર્યાદાની બહારથી ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અગર મર્યાદા બહાર વસ્તુ મોકલી હોય.

સદાણુવાએ - સાદ (અવાજ) કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય.

રૂવાણુવાએ - પોતાનું રૂપ બતાવીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય અથવા વસ્તુ મંગાવેલ હોય.

બહિયા પોગ્ગલ પક્ખેવે - કાંકરો આદિ નાખી મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય.

૨) મનુષ્ય ક્ષેત્રમાં કેટલા દ્વિપ અને સમુદ્ર છે તેના નામ લખો તેનો માગધી શબ્દ લખો. **(૨)**

**જ:** ૨) મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વિપ અને બે સમુદ્ર છે. અઢ્ઢાઈજ્જેસુ દીવ સમુદેસુ જંબુદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, અર્ધપુષ્કર દ્વીપ, લવણ સમુદ્ર, કાલોદધિ સમુદ્ર.

**જ** ૩) માત્ર સંખ્યા લખો : **(૩)**

| | | |
|---|---|---|
| ૧) પાંચ મહાવ્રતમાં સ્વતંત્ર કેટલા ? | - | ૪ |
| ૨) ગુણવ્રતના અતિચાર | - | ૩૦ |
| ૩) બૃહતકલ્પના અધ્યયન | - | ૬ |
| ૪) લોગસ્સ કેટલી ગાથાનો છે ? | - | ૭ |
| ૫) બ્રહ્મચર્યના અંગરૂપ રથ કેટલા ? | - | ૧૮૦૦૦ |
| ૬) ઉદ્‌ગમના દોષ કેટલા ? | - | ૧૬ |

**જ** ૪) માત્ર એક શબ્દમાં જવાબ લખો : **(૨)**

| | |
|---|---|
| ૧) કયું મિથ્યાત્વ સંસારમાં રખડાવે છે ? | અજ્ઞાન |
| ૨) હું ક્યારે પંચમહાવ્રતધારી બનીશ તે કોનો પ્રકાર છે ? | મનોરથ (ભાવના) |
| ૩) પ્રતિક્રમણના કયા પાઠમાં નવ કોટિએ પ્રત્યાખ્યાન થાય છે ? | સંથારાના |
| ૪) સાચું બોલે છતાં કયું પાપ લાગે ? | પૈશુન્ય |

**ખ) કર્મગ્રંથના આધારે નીચેના જવાબ લખો : ૧૦**

૧) પાંચમા ગુણસ્થાને ચરમ શરીરીને કેટલી પ્રકૃતિ હોય ? **(૧)**

**જ:** ૧) પાંચમા ગુણસ્થાને ચરમ શરીરીને ૧૪૫ પ્રકૃતિ ૩ આયુષ્ય વર્જીને હોય.

૨) સત્તા એટલે શું ? તેના કેટલા ભેદ છે ? કયા કયા ? **(૪)**

**જ:** ૨) સત્તા :- ૧) આત્માની સાથે કર્મોનું હોવું. ૨) કર્મોની વિદ્યમાનતા ૩) બંધાયેલું કર્મ નિર્જરા ન થાય ત્યાં સુધી આત્માની સાથે રહે છે. તેથી કર્મબંધથી કર્મ - નિર્જરા સુધીની કર્મોની અવસ્થાને સત્તા કહે છે.

સત્તાના મુખ્ય બે ભેદ છે ૧) સદ્ભાવ સત્તા - વર્તમાને આત્મામાં જે કર્મો વિદ્યમાન હોય, તેને સદ્ભાવ સત્તા કહે છે. ૨) સંભવ સત્તા - વર્તમાને આત્મામાં જે કર્મો વિદ્યમાન નથી પરંતુ ભવિષ્યમાં તે તે કર્મપ્રકૃતિઓના બંધની સંભાવના હોય. તેને સંભવસત્તા કહે છે.

અન્ય રીતે સત્તાના બે પ્રકાર ૧) સ્વરૂપ સત્તા- કર્મ જે સ્વરૂપે બંધાયુ હોય, તે જ સ્વરૂપે આત્મા સાથે રહે તેને સ્વરૂપસત્તા કહે છે. ૨) સંક્રમણ સત્તા - પરરૂપ સત્તા - કર્મ બંધાયા પછી તેમાં કોઈ પણ ફેરફાર થાય અને ફેરફાર થયેલું કર્મ સાથે રહે તેને સંક્રમણ સત્તા કહે છે.

૩) ચરમ શરીરીને નીચેની પ્રકૃતિની સત્તા કયા કયા ગુણસ્થાન સુધી હોય ? **(૫)**

૧) નરકનું આયુષ્ય, ૨) બે ઇન્દ્રિય જાતિ, ૩) સ્ત્રીભેદ, ૪) મનુષ્ય ગતિ, ૫) નિદ્રા

**જ:** ૩) ચરમ શરીરને ૧) નરકનું આયુષ્ય સત્તામાં ન હોય. ૨) બે ઇન્દ્રિયની જાતિ ૧ થી ૯ મા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય. ૩) સ્ત્રીભેદ ૧ થી ૯માના પાંચમાં ભાગ સુધી હોય. ૪) મનુષ્ય ગતિ ૧ થી ૧૪માના ચરમ સમય સુધી હોય. ૫) નિદ્રા - ૧ થી ૧૨માના ' દ્વિચરમ' સમય સુધી હોય.

**પ્ર.: ૨ શ્રી સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૫**

૧) નરકનાં દુ:ખો કેટલા પ્રકારનાં છે ? કયા કયા ? **(૧½)**

**જ:** ૧) નરકના દુ:ખો ત્રણ પ્રકારના છે. ૧) ક્ષેત્રજન્ય દુ:ખ, ૨) પરમાધામી દેવકૃત દુ:ખ, ૩) પરસ્પરકૃત દુ:ખ.

૨) આ અધ્યયનનો ઉદ્દેશ લખો. **(૧½)**

**જ:** ૨) નરકના દારુણ દુ:ખોને, તીવ્રતમ પીડાને જાણીને, સમજીને જીવો નરકગતિના આયુષ્યબંધના કારણોથી, તેવા પ્રકારની દુષ્પ્રવૃત્તિઓથી દૂર રહે તે જ આ અધ્યયનનો ઉદ્દેશ છે.

**જ** ૩) માત્ર સંખ્યા લખો : **(૨)**

| | |
|---|---|
| **સાથે** ૧) ક્ષેત્રજન્ય દુ:ખ | ૧૦ |
| ૨) પંકપ્રભાના નરકાવાસ | ૧૦,૦૦,૦૦૦ |
| ૩) છટ્ઠી નરકની સ્થિતિ | જ. ૧૭ સા. ઉ. ૨૨ સા. |
| ૪) અસિપત્રની સ્થિતિ | ૧ પલ્યોપમ |

**પ્ર.: ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૨ + ૨ + ૩ + ૩) ૧૦**

૧) વિશિષ્ટ રિધ્ધિવાળા મનુષ્યો કોણ કોણ છે ?

**જ:** ૧) વિશિષ્ટ રિધ્ધિવાળા મનુષ્યો છ પ્રકારના છે. ૧) તીર્થંકર, ૨) ચક્રવર્તી, ૩) બલદેવ, ૪) વાસુદેવ, ૫) ચારણ લબ્ધિધર મુનિરાજ, ૬) વિદ્યાધર

૨) વર્ષધર પર્વત કયા કયા છે ?

**જ:** ૨) વર્ષધર પર્વત - ૧) ચૂલહિમવંત ૨) મહાહિમવંત ૩) નિષધ ૪) નીલવંત ૫) રુકિમ ૬) શિખરી છે.

૩) આહાર કરવાના કારણો કયા કયા છે ?

**જ:** ૩) આહાર કરવાના કારણો ૬ પ્રકારના છે.

૧) વેદના - ક્ષુધાની પીડા દૂર કરવા. ૨) ગુરુજનોની વૈયાવૃત્ય કરવા, ૩) ઇર્યાસમિતિનું પાલન કરવા, ૪) સંયમની રક્ષા કરવા ૫) પ્રાણ ટકાવી રાખવા અને ૬) ધર્મનું ચિંતન કરવા.

૪) પ્રશ્નોના પ્રકાર કયા કયા છે ?

**જ: ૪) પ્રશ્નોના છ પ્રકાર નીચે મુજબ છે.**

૧) સંશય પ્રશ્ન - શંકા દૂર કરવા પુછાતા પ્રશ્નો
૨) વ્યુહગ્રહ પ્રશ્ન - મિથ્યાભિનિવેશથી બીજાને પરાજિત કરવા પુછાતા પ્રશ્નો
૩) અનુયોગી પ્રશ્ન - સૂત્રાદિના અર્થ વ્યાખ્યા સમજવા પુછાતા પ્રશ્નો
૪) અનુલોમ પ્રશ્ન - શુભભાવથી કુશળ સમાચાર માટે પુછાતા પ્રશ્નો
૫) તથાજ્ઞાન પ્રશ્ન - પોતાને જ્ઞાન હોવા છતાં અન્યની જ્ઞાનવૃદ્ધિ માટે પુછાતા પ્રશ્નો
૬) અતથાજ્ઞાન પ્રશ્ન - સ્વયંની જાણકારી માટે પુછાતા પ્રશ્નો

**પ્ર.: ૪ શ્રી જ્ઞાતાધર્મકથાંગને આધારે જવાબ લખો : (૫ + ૫) ૧૦**

૧) ખાલી જગ્યા પૂરો :

અ) તે કાળે તે .......... આ ......... પૂર્વ .......... ક્ષેત્રમાં સીતા નામની .......... ઉત્તરી કિનારે .......... નામની વિજય છે.

**જ:** અ) તે કાળે તે સમયે આ જંબૂદ્વિપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સીતા નામની મહાનદીના ઉત્તરી કિનારે પુષ્કલાવતી નામની વિજય છે.

બ) ત્યાર પછી .......... અણગાર નિસ્તેજ અને .......... બની ગયા. તેઓએ બંને હાથ જોડી .......... તથા .......... તથા ધર્માચાર્ય .......... નમસ્કાર કર્યા.

**જ:** બ) ત્યાર પછી પુંડરીક અણગાર નિસ્તેજ અને નિર્બળ બની ગયા. તેઓએ બંને હાથ જોડી સિદ્ધ તથા અરિહંત ભંગવંતોને તથા ધર્માચાર્ય ધર્મોપદેશકને નમસ્કાર કર્યા.

૨) ૧) કુંડરીક રાજા આર્તધ્યાનને વશીભૂત શા માટે થયા ?

**જ:** ૧) કુંડરીક રાજા દીક્ષા ત્યાગીને રાજ્યમાં, અંત:પૂરમાં એવં કામભોગમાં અત્યંત આસક્ત થવાને કારણે ગરિષ્ઠ ભોજનને ગ્રહણ કર્યો. જે એમને પચ્યો નહિ. મધ્યરાત્રિએ એમના શરીરમાં વિપુલ કર્કશ, અસહ્ય વેદના ઉત્પન્ન થઈ. તેમનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત થઈ ગયું તેમને બળતરા થવા લાગી તેથી તેઓ આર્તધ્યાનને વશીભૂત બની ગયા.

૨) પુંડરીક રાજાથી શું પ્રેરણા મળે છે ?

**જ:** ૨) સંસાર ઉદાસીન પુંડરીક રાજા દીક્ષાવેશને ભાવ સહિત ગ્રહણ કરી ત્રણ દિવસમાં જ વેદના હોવા છતાં ધર્મધ્યાનને કારણે સર્વાર્થસિદ્ધ વિમાનનાં ઉત્પન્ન થયા. એ જ રીતે જે સાધુ-સાધ્વી દીક્ષિત થઈને મનુષ્ય સંબંધી કામભોગમાં આસક્ત થતા નથી તેઓ ચતુર્વિધ સંઘના ઘણા જણ દ્વારા વંદનીય, પૂજનીય, સન્માનીય અને ઉપાસના કરવા યોગ્ય થાય છે.

**અથવા**

**પ્ર.: ૪ બહુપુત્રિકાના આધારે જવાબ લખો (કોઈ પણ પાંચ) ૧૦**

૧) ગુણશીલ નામનું ઉદ્યાન કયાં હતું ? ત્યાંના રાજા કોણ હતા ? ત્યાં કોણ પધાર્યું ? ધર્મદેશના સાંભળવા કોણ નીકળ્યું ?

**જ:** ૧) રાજગૃહી નગરીમાં ગુણશીલ ઉદ્યાન હતું ત્યાંના રાજા શ્રેણિક હતા. ત્યાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. પરિષદ ધર્મદેશના સાંભળવા નીકળી.

૨) બહુપુત્રિકા નામ શા માટે પડ્યું હતું ? તે કયાં રહેતી હતી ? કોની સાથે રહીને સુખ ભોગવતી હતી ? તેની સ્થિતિ કેટલી હતી ?

**જ: ૨)** તે દવી જ્યારે શકેન્દ્ર મહારાજ પાસે નાટક કરતી ત્યાં ઘણાં બાલક બાલિકાઓની વિકુર્વણા કરતી હતી માટે બહુપુત્રિકા નામ પડ્યું હતું. સૌધર્મ દેવલોકમાં રહેતી હતી. ચાર હજાર સામાનિક દેવીઓ, ૪ હજાર મહત્તરિકા દેવીઓની સાથે સુખ ભોગવતી હતી. તેની સ્થિતિ ૪ પલ્યોપમની હતી.

૩) સુભદ્રા કોણ હતી ? ક્યાં રહેતી હતી ? આર્ત્તધ્યાન શા માટે કરતી હતી ?

**જ: ૩)** સુભદ્રા ભદ્ર નામના સાર્થવાહની પત્ની હતી. વારાણસી નામની નગરીમાં રહેતી હતી. તે વંધ્યા હતી એક પણ સંતાનને જન્મ આપ્યો ન હતો તેથી પોતાને ભાગ્યહીન, પુણ્યહીન માનીને નિરૂત્સાહી બનીને આર્ત્તધ્યાન કરતી હતી.

૪) સુભદ્રાએ દીક્ષા કેવી રીતે લીધી ? આરાધનામાં કેવી રીતે પ્રવૃત્ત થઈ ગઈ ?

**જ: ૪)** સુભદ્રા હજાર પુરુષો વડે વહન થાય એવી શિબિકામાં બેસીને સુવ્રતા આર્યાજી પાસે આવીને દીક્ષા અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કરતા પૂર્વે સ્વયં અલંકારો ઉતાર્યા, સ્વયં પંચમુષ્ઠી લોચ કર્યો. આર્યાજી પાસે જઈને વંદન નમસ્કાર કરી દીક્ષાપાઠ સ્વીકારી આરાધનામાં પ્રવૃત્ત થઈ ગઇ.

૫) સુભદ્રા દીક્ષા લીધા પછી બાળકોમાં અનુરક્ત રહેવાને કારણે કેવી થઈ ગઈ ?

**જ: ૫)** સુભદ્રા દીક્ષા લીધા પછી બાળકોમાં અનુરક્ત થવાને કારણે શિથિલાચારી વ્રતવાળી, સ્વછંદવિહારી અને કુશીલવિહારી થઈ ગઈ.

૬) બહુપુત્રિકા કાળ કરીને કયાં ઉત્પન્ન થશે ? ત્યાં તેનું નામ શું હશે ?
કોની સાથે પરણાશે ? કેટલા બાળકો થશે ?

**જ: ૬)** બહુપુત્રિકા કાળ કરીને ભારતવર્ષના વિલેભ સન્નિવેશમાં બ્રાહ્મણકૂળમાં પુત્રી તરીકે જન્મશે ત્યાં તેનું નામ સોમા હશે. રાષ્ટ્રકૂટ સાથે પરણાશે. ૩૨ બાળકોની માતા બનશે.

૭) કોણ કોને કહે છે ?

૧) હું આપની પાસે ધર્મ સાંભળવા માગું છું.

**જ:** ૧) સોમા બ્રાહ્મણી સુવ્રતા આર્યાજીને કહેશે (એમ ભગ. મહાવીર ગૌતમ સ્વામીને કહી રહ્યા છે.)

૨) તે સોમા યૌવાનવયમાં આવશે.

**જ:** ૨) ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને કહી રહ્યા છે.

**પ્ર.: ૫ શ્રી અંતગડદશાંગ સૂત્રના આધારે જવાબ લખો : (એક વાક્યમાં) ૫**

૧) ગૌતમ સ્વામીએ બાળસહજ જિજ્ઞાસાનું સમાધાન કેવી રીતે કર્યું ?

**જ: ૧)** હે દેવાનુપ્રિય, અમે શ્રમણ નિર્ગ્રંથ છીએ, ઇર્યા સમિતિ આદિથી યુક્ત બ્રહ્મચારી છીએ અને અત્યારે ભિક્ષાર્થે ફરી રહ્યો છું.

૨) અતિમુકતકુમાર ગૌતમ સ્વામીને કયાં કેવી રીતે લઈ ગયા ?

**જ: ૨)** અતિમુકતકુમાર ગૌતમ સ્વામીની આંગળી પકડીને પોતાના રાજભવનમાં લઈ ગયા.

૩) અતિમુક્તકુમારે દીક્ષાની રજા માંગતા માતા-પિતાએ શું કહ્યું ?

**જ:** ૩) 'હે પુત્ર તું હજી બાળક છે, અબુધ છે ધર્મની વાતોને તું શું જાણે ?'

૪) દીક્ષા લઈને કેટલાં અંગોનું અધ્યયન કર્યું ? કયા તપનું આરાધન કર્યું ?

**જ:** ૪) દીક્ષા લઈને ૧૧ અંગોનું અધ્યયન કર્યું. ગુણરત્ન સંવત્સરાદિ તપનું આરાધન કર્યું.

૫) ભગવાન મહાવીર કયા નગરના કયા ઉદ્યાનમાં પધાર્યા ?

**જ:** ૫) ભગવાન મહાવીર પોલાસપુરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા.

**પ્ર.: ૬ જ્ઞાતાધર્મકથાના આધારે એક શબ્દમાં જવાબ લખઓ : ૫**

**જ સાથે**

| | | |
|---|---|---|
| ૧) | હસ્તિશીર્ષ નગરના રાજા કોણ હતા ? | કનકકેતુ |
| ૨) | નૌકાવણિકો કયા સમુદ્રમાં ગયા ? | લવણસમુદ્રમાં |
| ૩) | વણિકો કયા દ્વીપમાં ગયા હતા ? | કાલિકા દ્વીપમાં |
| ૪) | ઘોડાને પકડીને કયા બંદરમાં લઈ આવ્યા ? | ગંભીર બંદરમાં |
| ૫) | ગુદ્ધ આસક્ત શ્રમણ-શ્રમણીઓ કયાં ભ્રમણ કરે છે ? | સંસાર અટવીમાં |
| ૬) | શબ્દાદિ શું છે ? | વિષય |
| ૭) | ઘોડાને પકડવા જાળ બિછાવીને કેવી રીતે છુપાઈને બેસી ગયા ? | મૌનપણે |
| ૮) | ઘોડાને પ્રશિક્ષિત કરવા કોને બોલાવ્યા ? | અશ્વપાલકોને |
| ૯) | વીણા ભંભા વગેરે કઈ ઇન્દ્રિય માટે સુખપ્રદ છે ? | (શ્રવણેન્દ્રિય) શ્રોત્રેન્દ્રિય |
| ૧૦) | કયા ઘોડા જાળમાં ફસાય નહીં ? | અનાસક્ત |

**પ્ર.: ૭ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો : ૧૫**

**અ) ગાથા પૂરી કરીને ભાવાર્થ લખો : (કોઈ પણ ત્રણ) (૯)**

१) जाई सरित्तु.......... नमी राया

२) संसयं .......... सासयं

३) इहं सि .......... नीरओ

४) जो सहस्सं .......... किंचण

**જ:** ૧) ગાથા નં - ૨, ૨) ગાથા નં. - ૨૬, ૩) ગાથા નં. ૫૮, ૪) ગાથા નં. - ૪૦ એ ચાર ગાથા પુસ્તક પ્રમાણે છે.

**બ) એક વાક્યમાં જવાબ લખો : (કોઈ પણ છ) (૬)**

૧) નમિ રાજર્ષિને કયું જ્ઞાન થયું ? શા માટે ?

**જ:** ૧) નમિ રાજર્ષિને મોહનીયકર્મના ઉપશાંત થવાથી તથા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન થયું

૨) પક્ષીઓ શા માટે આક્રંદ કરી રહ્યાં છે ?

**જ:** ૨) એમનું આશ્રય સ્થાન એવું વૃક્ષ પ્રચંડ તોફાનને કારણે તૂટી પડ્યું તેથી દુઃખી અશરણ થવાથી પક્ષીઓ આક્રંદ કરી રહ્યા હતા.

૩) મુનિના નગર, ગઢ, ધનુષ્ય, બાણ કયા કયા છે ?

**જ:** ૩) મુનિના શ્રદ્ધારૂપી નગર, ક્ષમારૂપી ગઢ અને તપરૂપી બાણ છે.

૪) આનંદમંગળ કોને હોય ?

**જ:** ૪) બાહ્ય અને આભ્યંતર સર્વ પ્રકારના સંયોગ થી મુક્ત એકત્વભાવમાં રહેનાર ગૃહત્યાગી ભિક્ષાજીવી મુનિને દરેક પરિસ્થિતિમાં આનંદમંગળ હોય છે.

૫) મનુષ્યોને તૃપ્તિ કેમ થતી નથી ?

**જ:** ૫) ઇચ્છાઓ આકાશની જેમ અનંત છે માટે સોના ચાંદીના કૈલાસ પર્વત જેવા અસંખ્ય પર્વત થઈ જાય તો પણ લોભી મનુષ્યને તેનાથી તૃપ્તી થતી નથી.

૬) સંસારના કામભોગો કેવા છે ?

**જ:** ૬) સંસારના કામભોગો આશીવિષ સર્પ જેવા છે.

૭) કોને જીતવા દુષ્કર છે ?

**જ:** ૭) પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા, અને લોભ તથા આત્મા (મન) જીતવા દુષ્કર છે.

૮) ઇચ્છાઓનો નિગ્રહ શા માટે કરવો જોઈએ ?

**જ:** ૮) પૃથ્વી પરના તમામ પ્રદેશો, સર્વ ધાન્યો, સોનું તથા પશુઓ વગેરે સમગ્ર પદાર્થો એક મનુષ્યની ઇચ્છાપૂર્તિ માટે સમર્થ નથી માટે ઇચ્છઓનો નિગ્રહ કરવો જોઈએ.

**પ્ર.:૮ ભગવતી સૂત્ર : ૧૦**

**અ) દ્વિપસમુદ્રના આધારે જવાબ લખો : (૫)**

૧) દ્વિપસમુદ્ર કેટલા છે ? અંતિમ સમુદ્ર કયો છે ?

**જ:** ૧) અસંખ્યાત છે. અંતિમ સમુદ્ર સ્વયંભૂરમણ છે.

૨) દ્વિપસમુદ્રના સંસ્થાન કેવા છે ?

**જ:** ૨) જંબુદ્વીપનું સંસ્થાન થાળી આકારનું છે. બાકી સર્વ દ્વીપસમુદ્રોના સંસ્થાન ચૂડીના આકારના છે.

૩) પુષ્કર સમુદ્ર અને અરૂણ સમુદ્રના પાણીનો સ્વાદ કેવો છે ?

**જ:** ૩) પુષ્કર સમુદ્રનું પાણીનો સ્વાદ પાણી જેવો અરૂણ સમુદ્રનો ઈક્ષુરસ સરખો છે.

૪) જંબૂદ્વિપની લંબાઈ અને પરિધિ લખો.

**જ:** ૪) જંબૂદ્વિપની લંબાઈ ૧ લાખ જોજન અને પરિધિ ૩, ૧૬૨૨૩ યોજન, ૩ ક્રોસ, ૧૨૮ ધનુષ્ય ૧૩।। આંગુલ ઝાઝેરી છે.

૫) દ્વિપસમુદ્રોના કેટલા દેવતા માલિક છે ?

**જ:** ૫) જંબૂદ્વીપ અને લવણ સમુદ્રના એક એક દેવતા માલિક છે. બાકી સર્વ દ્વીપ સમુદ્રોના બે-બે દેવતા માલિક છે.

**બ) લવણ સમુદ્રના આધારે જવાબ લખો : (૫)**

૧) લવણ સમુદ્રનો આકાર કેવો છે ? તેમાં આવેલા નાના તથા મોટા કળશ કેટલા છે ?

**જ:** ૧) લવણ સમુદ્રનો આકાર ગોતીર્થ, નાવ, શિપ, અશ્વસ્કંધ, વલભીવટ અને ચૂડી જેવો છે.

૨) ગૌતમ દ્વીપ કયાં છે ?

**જ:** ૨) ગૌતમ દ્વીપ જંબૂદ્વીપની જગતિથી પશ્ચિમ દિશામાં ૧૨૦૦૦ યોજન અંદર જઈએ ત્યાં આવે છે.

૩) પાતાળ કળશાના નામ શું છે ?

**જ:** ૩) પાતાળ કળશાના નામ-વલયમુખ, કેતુમુખ, યૂપ, ઈશ્વર

૪) ઉદકમાળાના પાણીને કેટલા દેવ દબાવે છે ?

**જ:** ૪) ૧૭૪૦૦૦ દેવ ઉદકમાળાના પાણીને દબાવે છે

૫) લવણ સમુદ્રની ચારે બાજુ શું છે ? તેની ઊંચાઈ-પહોળાઆઈ કેટલી છે ?

**જ:** ૫) પદ્મવર વેદિકા છે. તે ૦।। યોજનની ઊંચી છે, ૫૦૦ ધનુષ્યની પહોળી છે.

**પ્ર.: ૯ પ્રજ્ઞાપનાના સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

૧) પાંચે ઇન્દ્રિયોનું સંસ્થાન કેવું છે ?

**જ:** ૧) શ્રોત્રેન્દ્રિયનું સંસ્થાન કદંબવૃક્ષના ફૂલ જેવું. ચક્ષુઇન્દ્રિયનું સંસ્થાન મસૂરની દાળ જેવું. ઘાણેન્દ્રિયનું સંસ્થાન ધમણ જેવું. રસેન્દ્રિયનું સંસ્થાન અસ્ત્રાની ધાર જેવું. સ્પર્શેન્દ્રિયનું સંસ્થાન વિવિધ પ્રકારનું.

૨) પાંચ ઇન્દ્રિયના દ્વાર કેટલા છે ? તેની માત્ર સંખ્યા લખો અને પહેલા ચારના નામ લખો.

**જ:** ૨) પાંચ ઇન્દ્રિયના ૧૧ દ્વાર છે. ૧) સંસ્થાન ૨) બાહુલ્ય ૩) પૃથુત્વ ૪) પ્રદેશ ૫) અવગાઢ ૬) અલ્પબહુત્વ ૭) સ્પૃષ્ટ ૮) પ્રવિષ્ટ ૯) વિષય ૧૦) અનાકાર અને ૧૧) આહાર દ્વાર

૩) પાંચે ઇન્દ્રિયની લંબાઈ જાડાઈ કેટલી છે ?

**જ:** ૩) પાંચે ઇન્દ્રિયની જાડાઈ જઘન્ય અને ઉત્કૃષ્ટ આંગુલના અસં. ભાગની છે. લંબાઈ - શ્રોત્ર, ચક્ષુ અને ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયની જઘન્ય ઉત્કૃષ્ટ આંગુલના અસંખ્યાતમાં ભાગની. રસેન્દ્રિયની જઘન્ય આંગુલના અસંખ્યાતમાં ભાગની ઉત્કૃષ્ટ પૃથક આંગુલ (બે આંગુલથી અનેક આંગુલ સ્પર્શેન્દ્રિયની લંબાઈ ઉત્સેધ આંગુલથી સંપૂર્ણ શરીર પ્રમાણે.

૪) મનુષ્ય અને અસંજ્ઞી હાથીની ઇન્દ્રિયોનો ઉત્કૃષ્ટ વિષય કેટલો કેટલો હોય ?

**જ:** ૪) પાંચ ઇન્દ્રિયનો વિષય :-

| | | શ્રોત્રેન્દ્રિય | ચક્ષુઇન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | રસેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |
|---|---|---|---|---|---|---|
| ૧) | મનુષ્ય | ૧૨ યોજન | ૧ લાખ યો ઝઝેરી | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |
| ૨) | અસંજ્ઞી ગ્રંથી | ૮૦૦ ધનુષ્ય | ૫૯૦૮ ધનુષ્ય | ૪૦૦ ધનુષ્ય | ૫૧૨ ધનુષ્ય | ૬૪૦૦ ધનુષ્ય |

**પ્ર.: ૧૦ નીચેનામાં માર્ગણા સમજણ સહિત લખો : ૧૦**

| જ | | માર્ગણા | નારકી | તિર્યંચ | મનુષ્ય | દેવ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| **સાથે** | ૧) | ઉર્ધ્વલોક એકાંત મિથ્યાત્વ | ૦ | ૨૮ | ૦ | ૬ | ૩૪ |
| | ૨) | અધોલોક ઔદારિક શરીરમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| | ૩) | તિર્ચ્છાલોક મિશ્રદષ્ટિ | ૦ | ૫ | ૧૫ | ૩૬ | ૫૬ |
| | ૪) | ઊર્ધ્વલોક તથા અધોલોક દેવોમાં મરવાવાળા | ૦ | ૦ | ૦ | ૬૩ | ૬૩ |
| | ૫) | અધોલોકમાં અભાષકમાં | ૭ | ૩૫ | ૩ | ૨૫ | ૭૦ |

સમજૂતિ પુસ્તક પ્રમાણે લખવી. ૩૪, ૫૧, ૫૬, ૬૩ અને ૭૦ મા બોલની.

।। જય જિનેન્દ્ર ।।